EDII

Gujarat Mitra (Guj.)

January 26, 2017
Page No. 1

# શરદ પવાર- મુરલી જોષી સહિત ચાર નેતાઓને પદ્મ વિભૂષણ

**આ વર્ષે** કોઇને ભારત રત્ન નહીં, ૮૯ હસ્તીઓને પદ્મ એવોર્ડ, સંગ્મા- સુંદરલાલ પરવાને મરણોત્તર પદ્મ વિભૂષણ

**૮૯ પદ્મ એવોર્ડમાંથી** ૧૯ મહિલાઓ, પાંચ વિદેશીઓ- એનઆરઆઇને પહેલી વાર

બોલીવૂડનો કોઇ અભિનેતા નહીં

મોદીએ અગાઉ શરદ પવારની પાર્ટી એનસીપીને ભ્રષ્ટાચારવાદી પાર્ટી કહી હતી

નવી દિલ્હી, તા. ૨૫ (પીટીઆઇ) : કેન્દ્ર સરકારે આજે કુલ મળીને ૮૯ પદ્મ એવોર્ડ વિજેતાઓના નામની જાહેરાત કરી હતી, જેમાં ૧૯ મહિલાઓનો સમાવેશ થાય છે.

(અનુસંધાન પાના નવ પર)



## આચાર્ય રત્ન સુંદર મહારાજને પદ્મ ભૂષણ

### ૭ ગુજરાતીઓને પદ્મ એવોર્ડ

| નામ | ક્ષેત્ર | એવોર્ડ |
|---|---|---|
| રત્નસુંદર મહારાજ | ધર્મ | પદ્મ ભૂષણ |
| પુરુષોત્તમ ઉપાધ્યાય | સંગીત | પદ્મશ્રી |
| વી. જી. પટેલ | શિક્ષણ - સાહિત્ય | પદ્મશ્રી |
| વિષ્ણુ પંડયા | પત્રકાર | પદ્મશ્રી |
| ડાઙ્ઘં. સુબ્રત દાસ | આરોગ્ય | પદ્મશ્રી |
| ડો. દેવેન્દ્ર પટેલ | આરોગ્ય | પદ્મશ્રી |
| જી. ડી. પટેલ | કૃષિ | પદ્મશ્રી |
| એચ.આર.શાહ | પત્રકારિત્વ | પદ્મશ્રી |

(એન.આર.આઈ.-યુએસ)

## યોગદાન મોટું પણ ઓછા જાણીતા નામોની પદ્મશ્રી માટે પસંદગી

નવી દિલ્હી, તા. ૨૫ (પીટીઆઇ) : આજે સરકાર દ્વારા જાહેર થયેલા પદ્મશ્રી એવોર્ડ માટે અમુક એવા નામો જાહેર થયા છે જેમનું આમ જોઇએ તો તેમનું યોગદાન ઘણું મોટું છે પણ તેમનું નામ ઓછું જાણીતું છે. જેમાં ઇન્દોરના ડોક્ટર દાદી તરીકે જાણીતા ભક્તિ યાદવ અને પ્રજ્ઞાચક્ષુ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શેખર નાયક જેવા નામોનો સમાવેશ થાય છે. સાથે જ રિયો પેરાલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીતનારા મરિયપ્પન થંગાવેલુનું નામ પણ તેમાં સામેલ છે.

૯૧ વર્ષના ભક્તિ યાદવ એમબીબીએસ ડિગ્રી ધારક ઇન્દોરના પ્રથમ મહિલા (અનુસંધાન પાના નવ પર)